62 9

# Research Guru

Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)

Home | Editorial Board | Instructions for Authors | Privacy Policy | Contact Us | ISSN Certificate | Copyright Form

BLOG ARCHIVE

Blog Archive

BLOG STATS

9154

THURSDAY

## Volume - 9 (March, 2016)

1) Alma Kabutri, Upanyas Me Pichhdi Jatio Ki Rajnitik Sthiti (Page:01 to 05) - By Dr. Bharmal P. Kanbi PDF

2) Nari Sangharsh Ki Trasdi: 'Chhinnmasta' (Page:06 to 11) - By Ranjan M. Parmar PDF

3) Chandrakant Shethni Kavitama Bhashakarm (Page:12 to 17) - By Dr. Haresh M. Gol PDF

4) Samajik Ane Sanskrutik Rite Kachdayela Lokono Aavaj (Page:18 to 21) - By Dr. M. M. Jagani PDF

5) Sahitya Kshetre Ramayanno Prabhav (Page:22 to 27) - By Dr. Ramesh H. Chaudhari PDF

6) Kalikal Sarvagya Hemchandrachary Virachit (Lagu) Aharnniti Ma 'Daybhag' Vichar (Page:28 to 43) - By Dr. Surekha K. Patel PDF

7) Gujaratni Payani Kelavani Kshetrama Vedchhinu Pradan (Page:44 to 59) - By Dr. K. G. Patel PDF

8) Harijan Ane Hindu Neta Tarike Dr. B. R. Ambedkar (Page:60 to 68) - By Profe. M. R. Adiol PDF

9) "Khambhatnu Kishanonu Aandolan"(1890) (Page:69 to 73) - By Dr. P. S. Patel PDF

10) Mahesana Jillana Prachin Talavo Ane Kund (Page:74 to 82) - By Asmita N. Chauhan PDF

Posted by Editor (ResearchGuru) at 8:30 AM No comments:

Home Older Posts

Subscribe to: Posts (Atom)

Copyright © 2014 Research Guru : Online Journal of Multidisciplinary Subjects. Picture Window template. Powered by Blogger.

Scanned with CamScanner

डॉ.सुरेखा के. पटेल
संस्कृत विभाग
जी.डी.मोदी आर्टस् कोलेज
पालनपुर (B.K.Dist., N.Guj.)

# કલિકાસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય વિરચિત '(લઘુ) અર્હન્નીતિ' માં 'દાયભાગ' વિચાર

આચાર્ય 'હેમચન્દ્રસૂરિ' માત્ર જૈન જગતમાં જ નહિ, પરંતુ સમગ્ર, ભારતીય સાહિત્ય જગતમાં એક અત્યંત પૂજનીય નામ છે. તેમણે રચેલ વિપુલ સાહિત્ય અને વિષય વૈવિધ્યને કારણે તેઓ 'કલિકાલસર્વજ્ઞ' તરીકે સુપ્રસિદ્ધ છે. હેમચન્દ્રાચાર્ય ગુજરાતના અગ્રગણ્ય જ્યોતિર્ધર અને યુગકર્તા મહાપુરુષ હતા. તેઓ અજોડ સાહિત્યસૃષ્ટા, અનુપમ યુગદૃષ્ટા, કુશળ રાજનીતિજ્ઞ, સમર્થ શાસનસ્વામી હતા. 'હેમચન્દ્ર' એટલે સર્વતોમુખી પરિપક્વપ્રજ્ઞા, સાંગોપાંગ સંપૂર્ણ અભ્યાસ, રસભરી સર્વોત્કૃષ્ટ સર્જકતા, વિદ્યાના મહાસાગર, જીવંત જ્ઞાનકોશ. કલિકાલસર્વજ્ઞ ક્ષિતિજના ઓવારે પ્રગટેલાં સહસ્રરશ્મિના તેજબિંબમાંથી ફૂટતાં કિરણો જેમ એક સાથે જન અને વન, માનવ અને મકાન એમ સર્વેને અજવાળે છે તે જ રીતે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યના વિરાટ પ્રતિભાપુંજમાંથી પ્રગટતી તેજ સરવાણીએ સમકાલીન પ્રજાજીવનનાં સર્વ અંગોને પ્રકાશિત કર્યાં છે. આચાર્ય મમ્મટ વાગ્દેવતાના અવતાર મનાયા તો અણહિલપુર પાટણના ચૌલુક્ય રાજવી સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના આદર-કૃપા પ્રાપ્ત આચાર્ય હેમચન્દ્ર (વિ.સં. ૧૧૪૫-૧૨૨૯) રાજશેખરની કલ્પનાના 'કાવ્યપુરુષ' નું મૂર્ત સ્વરૂપ છે. સાક્ષાત સરસ્વતીનું સર્જન છે. સાહિત્યવધૂ સ્વયં તેમને વરી છે. ગુજરાતની પ્રજામાં અહિંસાનાં બીજ વાવી ગુજરાતની ધરતીને હીરસૂરિ અને ગાંધીજી જેવા અહિંસાના સાચા પૂજારીઓને પકવ્યા. સમગ્ર જગત આ વિભૂતિનું ઋણી રહેશે.

'પ્રભાવક ચરિત્ર' પ્રાચીન ગ્રંથમાંથી આચાર્યશ્રીના પૂર્વજીવન અંગેની માહિતી સત્તાવાર મળે છે તે મુજબ તેઓશ્રીનો જન્મ વિ.સં.૧૧૪૫ના કાર્તિક સુદ પૂર્ણિમાના શુભ દિને ધંધુકામાં મોઢ વણિક જ્ઞાતિમાં થયો હતો. પિતાનું નામ 'ચાચિગ'અને માતાનું નામ 'પાહિણી' હતું. હેમચન્દ્રનું સંસારી નામ 'ચાંગદેવ' હતું. વિ.સં.૧૧૫૦માં ચંગદેવને ખંભાત મુકામે જૈન સાધુ તરીકેની દીક્ષા આપી અને નવદીક્ષિત ચંગદેવનું નામ 'સોમચન્દ્ર' રાખવામાં આવ્યું. આ બાળમુનિ સોમચન્દ્રનો ઉગ્ર સંયમ, ભારે ઈન્દ્રિય નિગ્રહ, કઠોર તપ, ચિત્તની સ્થિરતા જોઈ ગુરુશ્રી દેવચંદ્રસૂરિજીએ બાળમુનિની યોગ્યતા જોઈ વિ.સં. ૧૧૬૬માં માત્ર ૨૧ વર્ષની ઉંમરે 'આચાર્ય' પદ આપ્યું. આ બાળક હવે 'હેમચન્દ્ર' નામથી ઓળખાવા લાગ્યા. હેમચન્દ્રાચાર્યનાં જીવનનાં વિવિધ પાસાં જોતાં ફલિત થાય છે કે ગુજરાતના ઈતિહાસમાં તેમનું માન અને સ્થાન અતિ ઉચ્ચ કક્ષાનું હતું. તેમનો સ્વર્ગવાસ વિ.સં. ૧૨૨૯માં થયો.

હેમચન્દ્રસૂરિની કાવ્યસૃષ્ટિ વૈવિધ્યપૂર્ણ અને વિસ્મયજનક છે. તેમની કુશાગ્ર કલમે કોઈપણ વિષય ખેડાયા વિનાનો રહ્યો નથી. તેમની સર્વગ્રાહી બુદ્ધિશક્તિ, વ્યાકરણ,છંદ, અલંકાર, કોશ, પુરાણ, સાહિત્ય, ઈતિહાસ, યોગ, સ્તુતિ, સ્તોત્ર અને પ્રમાણશાસ્ત્ર આદિ વિવિધ વિષયોમાં ફરી વળી છે. વિપુલ સાહિત્યનું સર્જન કરીને પાટણ નગરીને, ગૂર્જરભૂમિને જ્ઞાન-સંસ્કારથી સમૃદ્ધ કરી છે. આમ, એકંદરે ૨,૦૪,૯૫૯ શ્લોકોનું સાહિત્ય આજે પણ મળી આવે છે. એક જનશ્રુતિ અનુસાર તેઓએ સાડાત્રણ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરી છે. કોઈપણ ગ્રંથકર્તા માટે આ સંખ્યા વિશ્વવિક્રમ જેટલી વિશાળ ગણાય. હજાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. આટલું



Scanned with CamScanner